સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

આધસ્થાપક : ગુરુદેવ પ.પૂ.બાપજી | પ્રેરક : ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી

મહિમા વર્ષ

૨૦૨૧-૨૨

ઉપક્રમે

જૂન માસ

અહમશૂન્ય માસ

Family Time સભા - 1

કાર્યક્રમ મટીરીયલ

મહિમા વર્ષ

ઉપક્રમે

અહમશૂન્ય માસ

આ માસમાં અમલમાં મૂકવાના PLના મુદ્દા

(1) હું, મેં, મારું, મને અને મારે આ પાંચ શબ્દોનો રોજબરોજના જીવનમાં ઉપયોગ ન જ કરવો.

(2) દરેક ક્રિયામાં પોતાનું કર્તાપણું ભૂલી મહારાજને કર્તા કરવા-કર્તા સમજવા.

❖ અહમશૂન્યતા...

- અહમશૂન્યતા એટલે આપણે આપણી જાતને બાજુ પર મૂકી દેવાની છે. શ્રીજીમહારાજ કરે તે જ સાચું.

- હું ભાવ ટળે તો જ હરિભાવ પ્રસ્થાપિત થતો જાય.

- જેમ જેમ પોતાનો મહિમા વધે તેમ તેમ સંતો-ભક્તો, મોટાપુરુષ અને મહારાજનો મહિમા ઘટતો જાય, અહમશૂન્ય અવસ્થા થાય એટલે સર્વે અધિક મનાય, મુમુક્ષુતાનો કાંટો જલ્દી જલ્દી ઉપર ચડે.

- જે હરિભક્ત હોય તેનો દાસાનુદાસ થઈને તેની આજ્ઞામાં રહે તે કાંઈ ન સમજતો હોય તો પણ છતે દેહે જ જ ભગવાનનો પાર્ષદ થઈ રહ્યો છે ને કૃતાર્થ થઈ રહ્યો છે. - ગ.મ.62

- અહમશૂન્ય અવસ્થા, નિર્માનીપણું, સૌની આગળ દાસાનુદાસ - રાંક થઇને વર્તવું, હાથ જોડીને રહેવું, સરળ થવું એ જ આપણું સ્ટેટ્સ છે, એ જ આપણી પરંપરા છે.

થઇ ગરીબને ગરજવાન, શિષ્ય થઇ રહે સર્વેનો રે...
મેલી મમતા ને માન, ત્યાગ કરે તન ગર્વનો રે...
એવા ઉપર શ્રી ઘનશ્યામ, સદા સર્વદા રાજી રહે છે રે;
સરે નિષ્કુળાનંદ કામ, એમ સર્વે સંત કહે છે રે...

❖ Family Time સભા ક્યારે અને કેવી રીતે કરવી ?

ઘરના સૌ સભ્યો ભેગા થઈ શકે તે મુજબ ગુરુવારના દિવસે Family Time સભાનું આયોજન કરવું અને Family Time સભા માટે સમય નક્કી કરવો અને તે મુજબ સભા કરવી.

નોંધ :- જે સેન્ટરમાં અઠવાડિક સભા ગુરુવારના રોજ થતી હોય તેવા સેન્ટરના હરિભક્તોએ શુક્રવારે Family Time સભાનું આયોજન કરવું.

- નાનાએ વડીલોને ચરણસ્પર્શ કરી તથા વડીલોએ નાનાને બે હાથ જોડી નમસ્કાર કરી સભામાં બેસવું.
- "ઘર એક મંદિર" હોવાથી ઘરમાં અનુકૂળ સ્થળે સભા કરી શકાય.
- સભાને અંતે સૌએ એકબીજાને હાથ જોડી અરસપરસ 'દયાળુ રાજી રહેજો' એવી સાચા ભાવે પ્રાર્થના કરવી.
- મહિલા-પુરુષ સભ્યોએ મર્યાદા રાખીને બેસવું.

સરલ વર્તવે છે સારું...

સરલ વર્તવે છે સારું રે મનવા, સરલ વતંવે છે સારું;
માની એટલું વચન મારું રે મનવા.ટેક
મન કર્મ વચને માનને મેલી, કાઢ્ય અભિમાન બારું,
હાથ જોડી હાજી હાજી કરતાં, કે'દી ન બગડે તે તારું રે.૦૧
અકડ નર લાકડ સૂકા સમ, એને વળવા ઉધારું,
તેને તાપ આપી અતિ તીખો, સમું કરે છે સુતારું રે.૦૨
આંકડો વાંકડો વીંછીના સરખો, એવો ન રાખવો વારું,
દેખી દગે કોઈ દયા ન આણે, પડે માથામાં પેજારું રે.૦૩
હેતનાં વચન ધારી લૈયે હૈયે, શું કહીએ વાતો હજારું,
નિષ્કુળાનંદ નિજ કારજ કરવા, રાખીએ નહિ અંધારું રે.૦૪

વિડીયો કીર્તનનું દર્શન અને શ્રવણ કરવા માટે નીચે આપેલ ઈમેજ પર ક્લિક કરવું.

આવો

ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ

પોતાપણાના ભાવોને ઓળખીએ...



ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીની દિવ્યવાણી

દિવ્યવાણીનું શ્રવણ કરવા માટે ઉપર
આપેલ મૂર્તિ પર ક્લિક કરવું.

પામીએ પ્રેરણા

અહંકારી

સ્વભાવનો પ્રદોષ

સદ્. બ્રહ્માનંદ સ્વામીના એક શિષ્યનો કંઠ ખૂબ સારો હતો. તેઓ રોજ સ્વામી આગળ આવી કહે, “સ્વામી, એક કીર્તન ગાઉં ?” ત્યારે સ્વામી કહેતા, “અત્યારે નહિ, પછી.” સ્વામીના આ ટૂંકા જવાબમાં તેમનો અહંકાર ઘવાતો હતો.

એક દિવસ સદ્. મુક્તાનંદ સ્વામી સદ્. બ્રહ્માનંદ સ્વામીના આસને પધાર્યા હતા. સદ્. મુક્તાનંદ સ્વામી એ સાધુ ઉપર રાજી થાય તે માટે સ્વામીએ કહ્યું, “સાધુરામ, કીર્તન ગાવ.” ત્યારે સાધુરામની અહમમુલક પ્રકૃતિ ઝબૂકી.

પોતાના ગુરુ આગળ દાસ થઈને આજ્ઞા માનવાને બદલે અવળો જવાબ આપ્યો, “સ્વામી, અત્યારે નહિ, પછી.”

મોટાપુરુષને આવા અહંકારી શિષ્ય ઉપર રાજીપો થવાને બદલે તેનું દુઃખ થાય.

મનનીય પ્રશ્નો

1. મોટાપુરુષની આજ્ઞા પાળવામાં ક્યાં ક્યાં મનધાર્યું થાય છે ?
2. પ્રેક્ટિકલ જીવનમાં, સત્સંગમાં તથા પરિવારમાં આવું ક્યાં ક્યાં થતું હોય છે ?
3. કોઈ સેવા બતાવે ને ન થયું હોય ત્યારે સામેવાળા સાથે કેવો વર્તાવ થાય છે ?
4. આપણું ન સચવાય ત્યારે કેવી પરિસ્થિતિ સર્જાય છે ?

સત્સંગ પરીક્ષા - ૨૦૨૨

બાળ સત્સંગ પરીક્ષા - 2022

- બાળ સત્સંગ પરીક્ષા તા. 31-07-2022ને રવિવારના રોજ બાળમંડળમાં બાળસભાના સમયમાં લેવાશે.
- પરીક્ષાના ફોર્મ ભરવાની અંતિમ તારીખ 10-06-2022 છે.

પરીક્ષા તારીખ	અભ્યાસક્રમ	ગુણ	સમય
31 જુલાઈ 2022, રવિવાર	નિત્યનિયમ પુસ્તિકા - નવમી આવૃત્તિ (પેજ નંબર : 7 થી 34)	50 ગુણ (MCQ 25 ગુણ)	1 કલાક

કિશોર-યુવા સત્સંગ પરીક્ષા - 2022



- કિશોર-યુવા સત્સંગ પરીક્ષા તા. 24-07-2022ને રવિવારના રોજ બપોરે 2 થી 4:30 દરમ્યાન પરીક્ષા સ્થળ પર લેવાશે.
- પરીક્ષાના ફોર્મ ભરવાની અંતિમ તારીખ 10-06-2022 છે.

પરીક્ષા તારીખ	અભ્યાસક્રમ	ગુણ	સમય
24 જુલાઈ 2022, રવિવાર (એકાદશી)	મુમુક્ષુતા-2 પુસ્તક ચેપ્ટર :- 2 થી 5 (પેજ નંબર : 13 થી 113)	100 ગુણ (MCQ 50 ગુણ)	2:30 કલાક

નોંધ :

(1) 15 વર્ષ સુધીના બાળકોએ બાળ સત્સંગ પરીક્ષા આપવાની રહેશે.

(2) 15 વર્ષથી ઉપરના મુક્તોએ કિશોર-યુવા સત્સંગ પરીક્ષા આપવાની રહેશે.

(3) પરીક્ષાના ફોર્મ સંસ્થાના દરેક સેન્ટર તથા દિગ્વિજય મંડળની સભાઓમાં **તા. 10-06-2022, શુક્રવાર** સુધીમાં ભરવામાં આવશે.

(4) બંને પરીક્ષાની પુસ્તિકા સંસ્થાના તમામ બુકસ્ટોલ પરથી મળશે.

ગુરુદેવ પ.પૂ.બાપજીની અમૃતવાતો

Audio Book